# તૃપ્તિ

## ગઝલ સંગ્રહ

*હું છું, હું છું કરતા ર્હેશો તો દ્વાર કદી પણ નહીં ઉઘડે*
*એ દ્વાર ફક્ત તૂ હી તૂની ચાવીથી 'મહેકજી' ઊઘડે છે*

'મહેક' ટંકારવી

# તૃપ્તિ

ગઝલ સંગ્રહ

# ‘મહેક’ ટંકારવી

**‘Trupti’**
a collection of Gujarati ghazals by
Yacoob Mank (‘Mahek’ Tankarvi), 2019

કવિના ગઝલ સંગ્રહો:



પ્યાસ
૧૯૭૨


તલાશ
૧૯૮૦



પ્યાસથી પરબ સુધી...
૨૦૦૬



પ્રેમરસ પ્યાલો
૨૦૧૩

**Title:** ‘Trupti’
**Edition:** 2nd (e-book)
**Copyright:** © 2019 Mahek Tankarvi - All Rights Reserved

સંપર્ક:
પ્રાપ્તિ સ્થાન: Mahek Tankarvi
37 The Beeches
Bolton, UK
BL1 7BS

**Phone:** +44 1204 591709
**E-mail:** ghazals@mahek.co.uk
**Website:** www.mahek.co.uk

ટાઈપસેટિંગ અને
લેઆઉટ ડિઝાઈન: Mahek Translation Service
Bolton, UK

# અ ર્પ ણ

**સાંજ ઢળી ગઇ, બેસી જાઓ કો વડલાને છાંયે**
**યાદોને મમળાવે રાખો મટક મટક હે મનવા!**

જીવનની ઢળતી સાંજે જેમની વારંવાર યાદ આવતી રહે છે તે:

મારા મરહુમ માતા, પિતા, ભાઇ
મારાં મરહુમ રાજીમા
મારા નાના નાની
બાળપણમાં જેમની સાથે બાળરમતો રમી હતી તે બધા લંગોટિયા મિત્રો
શાળા-કોલેજ જીવનના સહપાથીઓ
વાગરા હાઇ સ્કૂલ અને બારડોલી કોલેજના મારા પ્રિય વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ,
સહકાર્યકર્તા શિક્ષકો અને પ્રાધ્યાપક મિત્રો

એ તમામને

મીઠી યાદોની મહેક સાથે...

## હું કયાંથી કયાં પ્હોંચી ગયો!

પ્રેમની દોલત મળી, હું કયાંથી કયાં પ્હોંચી ગયો
આપની ચાહત મળી, હું કયાંથી કયાં પ્હોંચી ગયો
ધૂળના ઢેફા સમો, ના કોઈ ઓળખતું હતું
આપની નિસબત મળી, હું કયાંથી કયાં પ્હોંચી ગયો

## કઈ ગઝલ કયા પાને...


1. નામ તારું ........................................................ 7
2. તને જોઈ લઉં છું હું ............................................... 9
3. જાળમાં ફસાયો છું ............................................... 10
4. ક્યાંથી ક્યાં પ્હોંચી ગયો ........................................ 11
5. દરિયાને જઈ કહો ............................................... 12
6. સંતો ................................................................ 13
7. નેઅ્મત છે ......................................................... 14
8. અમથું અમથું .................................................... 15
9. પડતાને જઈ ઉઠાવી લે ........................................... 17
10. શાંત કરી લે ..................................................... 18
11. ઘંટ વાગી જશે .................................................. 19
12. શીખી લીધું ...................................................... 20
13. તકબ્બુરી ......................................................... 21
14. છલોછલ ......................................................... 22
15. સલ્તનત ફકીરોની ............................................... 23
16. દુનિયાની લિજ્જતોમાં ........................................... 25
17. મોઘલીની ગઝલ ................................................. 26
18. રબચાહી જિંન્દગી ............................................... 27
19. આજ તો થાય છે મનમાં એવું... ................................. 28
20. તો શું કહેશે લોક! ............................................... 30
21. ખાલીપો ખખડે છે! ............................................. 31
22. ક્યાં છે સમય હવે? ............................................. 32
23. કશુંક ખૂટે છે! .................................................. 33
24. ભલા માણસ! .................................................... 34
25. ગણતરી ના કર ................................................. 35
26. હિસાબો ગણે છે! ............................................... 36
27. મોતને યાદ કર! ................................................. 37

28. દુઆ લઈ લે ........................................................ 38
29. તો બસ! ........................................................ 39
30. અગડમ્ બગડમ્ ........................................................ 40
31. દુઆ લઈ લે ........................................................ 41
32. એવું તે શું પીધું છે? ........................................................ 42

# મુક્તકો

## પલળતા જ નથી

એક બીજાને એ ખુલ્લા દિલે મળતા જ નથી
લોક મન મૂકી પરસ્પર હવે ભળતા જ નથી
એ બતાવો હવે વરસીને ‘મહેક’ શું કરશું
લાગણીમાં હવે લોકો તો પલળતા જ નથી

## તરવૈયા થઈ ગયા

સામે થયો જો દરિયો તો લડવૈયા થઈ ગયા
નિજ ભાગ્યના અમે જ તો ઘડવૈયા થઈ ગયા
નૌકાની રાહ જોઈને બેસી રહ્યા નહીં
મોંજાંઓથી લડી અમે તરવૈયા થઈ ગયા

## સ્મશાનમાં

શ્વાસોનો સૂર્ય અંતે ઢળે છે સ્મશાનમાં
માટીમાં જઈને માટી ભળે છે સ્મશાનમાં
જન્મારો જીવી જીવીને થાકી ગયા પછી
આ દેહને વિરામ મળે છે સ્મશાનમાં

## મારા ગયા પછી...

હસજો જો હસવું હોય તો મારા ગયા પછી
રડજો જો રડવું હોય તો મારા ગયા પછી
હમણાં તો મારી ના છે ઘણી વાતમાં છતાં
કરજો જે કરવું હોય તે મારા ગયા પછી

## નિંદામણ કરીએ

ચાલ જોડી લે બળદ થોડી મથામણ કરીએ
ખેડ, ખાતર અને દિલ દઈને નિંદામણ કરીએ
એક કણ વાવીને એની કૃપાથી મણ કરીએ
ખેતરે બેસી પછી સાથે શિરામણ કરીએ

## મ્હેક ભળે, તેમ ભળીશું...

વાતાવરણમાં મ્હેક ભળે, તેમ ભળીશું
રંગીન આ ચમન અમે ખુશબોથી ભરીશું
બુલબુલ કદી કોયલ તો કદી મોર ટહુકા
ગુલશનને ગુંજતું અમે ગીતોથી કરીશું

## ભાર ઉતારી દે

ચઢવું જો હોય ઊંચે તો બોજ હટાવી દે
માથે જે લઈ ફરે છે તે ભાર ઉતારી દે
પથ્થર ને કાંકરાથી ખિસ્સાં જે ભરી રાખ્યાં
ખાલી કરી નકામો કચરો એ ફગાવી દે

## તો બસ!

હું બ્હારનું અંદર ભલેને ના કરી શકું
અંદર છે તેને બ્હાર હું કાઢી શકું તો બસ
ભેદોને તારા પામી શકું મારી શી વિસાત
હું ભેદ મુજ હયાતીનો પામી શકું તો બસ

## નામ તારું...

મત્લામાં નામ તારું, મક્તામાં નામ તારું
મારી ગઝલના હર એક મિસરામાં નામ તારું

ચકચક અને ચીંચીંમાં, કોયલના કંઠમાં પણ
ટહુકે છે મોરલાઓ, ટહુકામાં નામ તારું

ગિરજાના ઘંટનાદો, આઠે પ્રહર અઝાનો
ખીણો મહીંથી ઊઠતા પડઘામાં નામ તારું

તારું જ નામ ગુંજે મંદિરમાં, મસ્જિદોમાં
કાશીમાં નામ તારું, કાબામાં નામ તારું

મ્હેલોમાં, ઝૂંપડીમાં, જંગલમાં, પ્હાડીઓમાં
જ્યાં પણ ઝૂકે છે મસ્તક, સિજદામાં નામ તારું

દરવેશની ચટાઇ, મોમીનના મુસલ્લામાં
જપમાળા હો કે તસબી, મણકામાં નામ તારું

પંડિતની પોથીઓમાં, મુલ્લાની કિતાબોમાં
કુર્આન, ઉપનિષદમાં, ગીતામાં નામ તારું

હો મસનવી રૂમીની, કવ્વાલી કે ભજન હો,
દોહરામાં નામ તારું, છપ્પામાં નામ તારું

શેહનાઈના સૂરોમાં, મુરલીની મીઠી ધૂનમાં
કરતાલ, મંજીરાંમાં, તબલામાં નામ તારું

લલકાર અનલહકનો કે હોય તૂ હી તૂનો
‘અલ્લાહુ’ના ઝિકરમાં, કલમામાં નામ તારું

અવસર ખુશી ગમીનો, હો વસ્લ કે જુદાઈ
મલકાટમાં, ‘મહેક’ના ડૂસકામાં નામ તારું

## તને જોઇ લઉં છું હું

ડૂબકી જરા લગાવી તને જોઇ લઉં છું હું
ધૂણી કદી ધખાવી તને જોઇ લઉં છું હું

દર્શનની થાય છે કદી ઇચ્છા જો દિલ મહીં
ગરદન જરા ઝુકાવી તને જોઇ લઉં છું હું

અંધકાર રાતનો કદી નડતો નથી મને
દિલમાં દીપક જલાવી તને જોઇ લઉં છું હું

મા તો નથી પણ માનો ચહેરો કદી કદી
આંખોની સામે લાવી તને જોઇ લઉં છું હું

કયારેક હાથ ફેરવી માથે યતીમના
એને ઘડી હસાવી તને જોઇ લઉં છું હું

એકાંત પ્રિય છે મને, એકાંતમાં બેસી
અશ્રુ કદી વહાવી તને જોઇ લઉં છું હું

ખોળામાં બેસી જાઉં છું વહાલો થવા કદી
પરદો જરા હટાવી તને જોઇ લઉં છું હું

બે વાત પણ હું દિલની કરી લઉં છું તે સમે
સિજદામાં શિર ઝુકાવી તને જોઇ લઉં છું હું

# જાળમાં ફસાયો છું

બે પડો વચ્ચે હું દબાયો છું
દાણાની જેમ હું પીસાયો છું

થઈ ગયું ચાળણી બદન આખું
પૂછ ના કે હું કયાં ઘવાયો છું

લોક તો મુજને સમજે પોતાનો
મારા ઘરમાં જ હું પરાયો છું

મૃત્યુને ક્હો કે લૂંટી જાય મને
જિંદગીભર ઘણું કમાયો છું

હું ય ચગ્યો પતંગની માફક
એની જેમ જ પછી કપાયો છું

મેં વણી, મેં જ પાથરી એને
જાળમાં પોતે હું ફસાયો છું

ચોતરફ મેં ચણી દીવાલો ને-
હું જ એમાં હવે પુરાયો છું

કાઢ કાઢી શકે તો બ્હાર મને
ખૂબ કીચડમાં હું ફસાયો છું

## ક્યાંથી ક્યાં પ્હોંચી ગયો

પ્રેમની દોલત મળી, હું ક્યાંથી ક્યાં પ્હોંચી ગયો
આપની ચાહત મળી, હું ક્યાંથી ક્યાં પ્હોંચી ગયો

થઈ ગયો'તો કેદ તનહાઈની દીવાલોમાં હું
આપની સોબત મળી, હું ક્યાંથી ક્યાં પ્હોંચી ગયો

માર્ગની મુશ્કેલીથી મૂંઝાઈને બેઠો હતો
આપની સંગત મળી, હું ક્યાંથી ક્યાં પ્હોંચી ગયો

એ તો બરકત નામની છે આપના, લેતાંની સાથ
એવી તો રાહત મળી, હું ક્યાંથી ક્યાં પ્હોંચી ગયો

ધૂળના ઢેફા સમો, ના કોઈ ઓળખતું હતું
આપની નિસબત મળી, હું ક્યાંથી ક્યાં પ્હોંચી ગયો

આપની સાથે જો મારું નામ જોડાઈ ગયું
એટલી ઈજ્જત મળી, હું ક્યાંથી ક્યાં પ્હોંચી ગયો

થઈ ગયો રાજી 'મહેક' માલિક, બીજું શું જોઈએ
જીવતાં જન્નત મળી, હું ક્યાંથી ક્યાં પ્હોંચી ગયો

## દરિયાને જઈ કહો

ફૂલોને જઈ કહો અને કાંટાને જઈ કહો
પગલાં થવાનાં એમનાં, રસ્તાને જઈ કહો

હું પણ છું એના જેટલો તોફાની આજ તો
ડુબાડ હિંમત હોય તો દરિયાને જઈ કહો

તું પણ હવે શમી જા કે યાદો શમી ગઈ
ઊઠે છે ખીણમાંથી તે પડઘાને જઈ કહો

નીકળ્યો છું ફાંટ બાંધીને વીણવા હું સીમમાં
વેરાયેલા પડયા છે તે ટૌકાને જઈ કહો

તારે જ મરઘે થાય સવાર એવું કંઈ નથી
ના બોલે આજે જોઈએ મરઘાને જઈ કહો

બંનેએ આપઘાત કરી લીધો આખરે
ચાલી રહી છે ચૉરે તે ચર્ચાને જઈ કહો

ફૂંકાય તર્કના બધે તોફાની વાયરા
તું પગ જમાવી રાખજે, શ્રદ્ધાને જઈ કહો

# સંતો

સ્મરણ 'તૂ હી તૂ'નું કરાવે છે સંતો
અહમને એ રીતે મિટાવે છે સંતો

તડપતા રહી પ્રેમ અગ્નિમાં નિજને
પતંગાની માફક જલાવે છે સંતો

પીએ ને પીવાડે હરિરસનો પ્યાલો
યુગોની તરસને છિપાવે છે સંતો

તજી રિદ્ધિ સિદ્ધિ, પ્રસિદ્ધિની માયા
એ નિર્મોહી જીવન વિતાવે છે સંતો

એ જળમાં રહીને ય કોરા રહે છે
ચમત્કાર જગને બતાવે છે સંતો

ફરે આમ તો લઈને એ ઝોળી ખાલી
મુહોબતના મોતી લુટાવે છે સંતો

મહાવીર, મન્સૂર, નાનક કે રૂમી
બધા પાઠ એક જ ભણાવે છે સંતો

અમર દિવ્યવાણી કે સત્સંગ દ્વારા
સમાજોને ઊંચા ઉઠાવે છે સંતો

નિગાહે કરમ થાય જો એમની તો
નવી દુનિયા તમને બતાવે છે સંતો

'મહેક' એમનાથી તું જોડી લે નિસબત
કથીરને ય કંચન બનાવે છે સંતો

## નેઅ્મત છે...

ઉગે છે ખેતરોમાં તે કપાસ, નેઅ્મત છે
બને છે આપણો અંતિમ લિબાસ, નેઅ્મત છે

જે આવે-જાય છે, જીવન ધબકતું રાખે છે
ગણતરીના જે મળ્યા છે તે શ્વાસ, નેઅ્મત છે

ઉઘડતી કળીઓ, મુલાયમ આ શબનમી ફૂલો
આ છમ્મલીલું લહેરાય ઘાસ, નેઅ્મત છે

આ રાતરાણી, આ ચંપો, આ મોગરો ને ગુલાબ
ભરે હવાઓમાં મીઠી સુવાસ, નેઅ્મત છે

આ પર્વતો, આ નદીઓ, આ ખીણ ટેકરીઓ
નિશાનીઓ છે બધે આસપાસ, નેઅ્મત છે

સમંદરો, આ સરોવર, વરસતાં આ વાદળ
બુઝાવી રહ્યાં છે ધરતીતી પ્યાસ, નેઅ્મત છે

આ સૂર્ય, ચંદ્ર, સિતારા, હજાર નક્ષત્રો
પુનમની રાતનો શીતળ ઉજાસ, નેઅ્મત છે

કશે ય શોધવા એને નથી જવું પડતું
છે દિલમાં હરઘડી એનો નિવાસ, નેઅ્મત છે

રહીમ છે, છે એ રહેમાન, આપણો માલિક
‘મહેક’ આપણે એના છે દાસ, નેઅ્મત છે

# અમથું અમથું

રમત ગમે તે હોય અમે તો રમ્યા અમથું અમથું
હાર્યા તે પણ અમથું અમથું જીત્યા અમથું અમથું

રોજ સવારે ઘેરથી નીકળી સાંજે પાછા ફર્યા
દુનિયા અમથી અમથી તેમાં ભમ્યા અમથું અમથું

આમ જુઓ તો બેઠા જઈને તનહાઈની ટોચે
આમ જુઓ તો ભીડમાં જઈને ભળ્યા અમથું અમથું

તસબી-ટોપી, તિલક-માળા વેશ સજાવી બેઠા
અંતરમાં અભિમાન છતાંયે નમ્યા અમથું અમથું

સાચું કયારે રડયા, હસ્યા સાચું કયારે પૂછો
જ્યારે રડયા જૂઠ્ઠું રડયા, હસ્યા અમથું અમથું

ઘર માંડીને બેઠા, હા ભઈ, સંસારી થઈ જીવ્યા
આવળગોવળ વચ્ચે નાચ્યા, કૂદયા અમથું અમથું

કો બાળકની જેમ બનાવ્યા મહેલ અમે રેતીના
અદ્ધર શ્વાસે બેઠા અંદર, મ્હાલ્યા અમથું અમથું

મનમાં કળશી મેલ છતાંયે વાર અને ત્હેવારે
મિત્ર સગાં સંબંધી સૌને ભેટયા અમથું અમથું

બળતા રહ્યા રાત ને દ્હાડો ઈર્ષ્યાની અગ્નિમાં
શ્વાન બનીને હાથી પાછળ ભસ્યા અમથું અમથું

કીર્તિનો કાંટાળો પ્હેરી તાજ અમે હરખાયા
પરપોટાની જેમ ઘડીભર ફૂલ્યા અમથું અમથું

સામે પૂર તરીને અહીંયાં કોણ કિનારે પ્હોંચ્યું
ભવસાગરમાં ભાર ઉપાડી તર્યા અમથું અમથું

ભીતરનાં અંધારાંની દરકાર કશી ના કીધી
તેજ લિસોટા કરવા ક્યારેક બળ્યા અમથું અમથું

દુનિયા અમથીમાં જન્મીને કોણ જીવ્યું છે સાચું
રોજ ‘મહેક’ ચ્હેરા બદલીને જીવ્યા અમથું અમથું

## પડતાને જઇ ઉઠાવી લે

કોઇ રડતાને જઇ હસાવી લે
કોઇ પડતાને જઇ ઉઠાવી લે

પુણ્ય તારે ભગત કમાવું છે
રાહથી રોડું જા હટાવી લે

એક સ્વજન રિસાઇ બેઠું છે
એને જઇને પ્રથમ મનાવી લે

બ્હાર ચાલે છે મૃત્યુનું તાંડવ
કોઇની જિંદગી બચાવી લે

થઇ જશે તારું યે આબાદ સદન
કોઇનું ઘર પ્રથમ વસાવી લે

તે પછી થઇ જશે બધું ઝળહળ
પ્રેમની જ્યોતને જલાવી લે

વાત જુદી છે એ મળે ન મળે
દિલ મહીં આશ તો જગાવી લે

એ રીતે મળતાં કોઇ નહિ રોકે
આંખ મીંચી સપન સજાવી લે

હૂર મળશે, શરાબ પણ મળશે
પહેલાં જન્નત અહીં કમાવી લે

ઝૂમી રહ્યું છે આખું મયખાનું
જામ તું પણ ‘મહેક’ ઉઠાવી લે

## શાંત કરી લે

અંદર છે અજંપો તે પ્રથમ શાંત કરી લે
ભૂલીને બધું, ધ્યાન તું માલિકનું ધરી લે

એનો જ બની જા બધું કુરબાન કરી દે
જીવી લે એને કાજ, એને કાજ મરી લે

ફેંકી દે બધાં ઠીકરાં ભેગાં જે કર્યાં છે
સત્કર્મના સિક્કાઓને ઝોળીમાં ભરી લે

સર્જન છે બધું એમનું, ભૂલીને બધા ભેદ
બસ પ્રેમ, સકળ સૃષ્ટિથી તું પ્રેમ કરી લે

કર્યું છે રટણ બીજાં ઘણાં નામનું દિનરાત
એકાદ એનું નામ પણ આજે તું સ્મરી લે

ખેતી છે આખેરતની આ દુનિયા તો 'મહેકજી' દિલ
દઈને અહીં એમાં તું મજદૂરી કરી લે

## ઘંટ વાગી જશે

ખબર નહોતી કે ફૂલો ય ડંખ આપી જશે
ને ઝેર એનું બદનમાં બધે જ વ્યાપી જશે

વિરામનો છે સમય તો વિરામ માણી લો
ઘડીકમાં જ આ મૃત્યુનો ઘંટ વાગી જશે

ઘણાં જ લાડથી છોરી ઉછેરી’તી ઘરમાં
ખબર નહોતી કે ઘર છોડીને એ ભાગી જશે

કરી ન તેથી અમે ડૂબવાની તૈયારી
ખબર નહોતી કે નૌકા કિનારે લાગી જશે

ભિખારી સમજીને એને તમે ન ધુત્કારો
ફકીર છે એ કદી બદદુઆ જો નાંખી જશે

એ એમ સમજીને નજરોનાં તીર છોડે છે
કદીક તો એ નિશાને જઇને વાગી જશે

એ આવી ચડશે ‘મહેક’ આપણી ગલીમાં કદી
નસીબ કોઇ દિ તો આપણું ય જાગી જશે

# શીખી લીધું

મજનુથી મહોબત મેં કરવાનું શીખી લીધું
એક શ્યામ સુંદરી પર મરવાનું શીખી લીધું

ફાંસી ભલે ચડાવે દુનિયા-પરસ્ત લોકો
મન્સૂરથી અનલ હક કરવાનું શીખી લીધું

છોને ધરે એ વિષના પ્યાલા ફિકર નથી કંઇ
મીરાથી ઝેર પીને જીવવાનું શીખી લીધું

રૂમીથી નાચવાનું ઠપ ઠપની તાલ ઉપર
સંતોથી ઓઢી ચાદર ફરવાનું શીખી લીધું

જાણું છું પ્રેમમાં તો કરવી પડે પ્રતીક્ષા
ચાતકથી ઈન્તેજારી કરવાનું શીખી લીધું

શીખી લીધું વસંતે ખીલવાનું, મ્હાલવાનું
વૃક્ષોથી પાનખરમાં ખરવાનું શીખી લીધું

ડૂબી જવાની રણમાં સંભાવના હતી પણ
રહી મૃગજળોની વચ્ચે તરવાનું શીખી લીધું

ભરતા રહે છે લોકો જેને 'મહેક' જીવનભર
તે ખિસ્સાં સાવ ખાલી કરવાનું શીખી લીધું

## તકબ્બુરી

ત્યાગ ત્યાગી શકે તકબ્બુરી
છોડ હુંપદ ને મેલ મગરૂરી

ખાક થઈ જા ને નમી જા નીચે
પિંડ માટીનો થઈ જશે નૂરી

કેમ ભટકે છે મૃગની માફક તું
દૂર તારાથી કયાં છે કસ્તૂરી?

આ અધૂરપની તું ફરિયાદ ન કર
કોની ઈચ્છાઓ થઈ બધી પૂરી?

પીઠ પાછળથી ભોંક ના ખંજર
દોસ્ત આદત છે એ બહુ બૂરી

ના કદી મળશે એ રીતે સાહિબ
મુખ મહીં રામ, બગલમાં છૂરી

એક ઓરત પરાયા બાહુમાં
નામ એનું જ તો છે મજબૂરી

જન્નતી મેવા, હૂરની સેવા
લો, મળી ગઈ મજૂરને મજદૂરી

પ્રેમનો રંગ તો ચઢવા દે 'મહેક'
કાળી પણ લાગશે પછી ભૂરી

## છલોછલ

દિલમાં હજાર ખ્વાહિશો, અરમાન છલોછલ
છે નાવ તો છોટી, મહીં સામાન છલોછલ

તેથી તો અનાદર કર્યો નમવાના હુકમનો
મનમાં ભર્યું'તું એના અભિમાન છલોછલ

રહ્યો એ ભારેખમ, કદી ખાલી ન થઇ શકયો
હુંપદથી ભરેલો હતો ઇન્સાન છલોછલ

શ્વાસો ય થઇ ગયા છે અમારા તો સુગંધી
રાખ્યું અમે ગુલાબોથી ગુલદાન છલોછલ

દિલમાં ગમોની આંધી ઊઠી એ રીતે પછી
દરિયામાં જાણે હોય ના તોફાન છલોછલ

કર્યું ન તેમણે કદી 'ચૂં કે ચરા' 'મહેક'
દિલ માંહે જેમના હતું ઇમાન છલોછલ

## સલ્તનત ફકીરોની

સલ્તનત ફકીરોની, સાહ્યબી ફકીરોની
તેં હજી નથી દીઠી શહેનશાહી ફકીરોની

આમ જો જુઓ તો ત્યાં તેલ છે ન બત્તી છે
ઝળહળી રહી તોયે ઝૂંપડી ફકીરોની

અંધારાં હરી લે છે, ઝળહળિત કરી દે છે
તેજપુંજ જેવી છે જિંદગી ફકીરોની

વસવસા બધા દિલના દૂર થઈ ગયા પળમાં
જેમને મળી સોબત બેઘડી ફકીરોની

ધડકનોમાં તૂ હી તૂ શ્વાસમાં છે હૂ હૂ હૂ
આપણાથી જુદી છે બંદગી ફકીરોની

જામ એ ધરે હોઠે, ઝૂમે આખું મયખાનું
મસ્ત કલંદર જેવી મયકશી ફકીરોની

રૂમીને નચાવે છે, નરસિંહને ધુણાવે છે
યારને મિલાવે છે, બેખુદી ફકીરોની

જો મળે તો પહેરી લે કો ફકીર નું પહેરણ
જો મળે તો ઓઢી લે ગોદડી ફકીરોની

પ્હોંચવું જો હો તારે પ્રિયતમના દ્વારે તો
ચાલ ઝાલીને તું પણ આંગળી ફકીરોની

એમની દુઆ લેજે, હાથ પણ ચૂમી લેજે
તક મળે કરી લેજે ચાકરી ફકીરોની

રાહ છે ‘મહેક’ મુશ્કિલ, ભય વળી ભટકવાનો
તું ય જઈને પકડી લે પાઘડી ફકીરોની

# દુનિયાની લિજ્જતોમાં

દુનિયાની લિજ્જતોમાં આ જાત ઝબોળાઇ
એક માંખ ચાસણીમાં કંદોઇની ડબોળાઇ

એવી ફસાઇ કાયા, મોહજાળ મહીં જાણે
માખી કરોળિયાના જાળામાં લપેટાઇ

સમજીને જેને જીવન તરતી રહી'તી જેમાં
આજે તે માછલી લ્યો જળમાં જ ગૂંગળાઇ

દુનિયાની પાછળ એવા તો અંધ થયા લોકો
સામે જ હતી ઊંડી તે ખાઇ ન દેખાઇ

નીકળી શકી પછી ના એમાંથી આ મુહોબત
ઝુલ્ફોની કેદમાં જો એકવાર ગૈ પૂરાઇ

વહાલાંને કલ્પનામાં ભેટીને સજળ આંખે
ક્યારેક એ રીતે પણ છે ઈદ મનાવાઇ

નજરો તેં ઊઠાવી તો છલકાઇ સહેજ ગાગર
એ વાત ચોરેચૌટે સૌના મુખે ચર્ચાઇ

જગ જીતનારની પણ કબરો મેં નિહાળી છે
સઘળીયે હારજીતો બે ગજમાં સમેટાઇ

દીવાનગી જ્યાં પ્હોંચી, એનાથી ન પ્હોંચાયું
ઊંચે ભલે ઊડે છે પંડિતની પંડિતાઇ

## મોઘલીની ગઝલ

લીમડા નીચે એક છાપરીની ગઝલ
તૂટલી કાથીની ખાટલીની ગઝલ

જોઇ આદમને જે ભાન ભૂલી જતી
પ્રેમમાં અંધ તે મોઘલીની ગઝલ

સાચવીને સદા જેને એ રાખતી
કાણા પૈસાની તે પોટલીની ગઝલ

પ્રેમથી તેં કદી જે જમાડી હતી
ઘીમાં લચપચ નરમ રોટલીની ગઝલ

એક ઝલક પામવા તારી જ્યાં બેસતા
રેઠડા’દમની તે ઓટલીની ગઝલ

મોંમાં રસ લાવતી, જે તને ભાવતી
તે સરસ ખટમીઠી આમલીની ગઝલ

જેને વાંચીને હૈયું ઊછળતું હતું
તું જે લખતી’તી તે કાપલીની ગઝલ

આંખથી પીવડાવી તેં પ્યાલી અને
મેં લખી નાંખી લે મયકશીની ગઝલ

ધૂળ ઝીણી કરી નાંખી જેની ‘મહેક’
કેમ હું ના લખું તે ગલીની ગઝલ

## રબચાહી જિંન્દગી

આ પાર તું ગુજારી લે રબચાહી જિંન્દગી
પામીશ પેલે પાર તું મનચાહી જિન્દગી

પહેરી લે તું યે ફાટલું પહેરણ ફકીરનું
સાધન વિના તું જીવી શકીશ શાહી જિંદગી

છે બંડખોર તો કદી એ છે કહ્યાગરી
માથાફરેલ તો કદી છે ડાહી જિન્દગી

કયારેક એમાં હોય છે હીબકાં ને હાય હાય
કયારેક બની જાય છે વાહવાહી જિન્દગી

ઘેરાય ગઈ છે એવી ગમોની ઘટા મહીં
જાણે અમાસ રાતની સિયાહી જિન્દગી

ઝાલી નહીં શકો ‘મહેક’ એને તમે કદી
પાણીના રેલા જેવી છે પ્રવાહી જિંન્દગી

## આજ તો થાય છે મનમાં એવું...

આજ તો થાય છે મનમાં એવું
જઈને કુદરતના હું ખોળે બેસું

શ્હેરની ભીડભાડ છોડીને
ગામની ગલીઓમાં બિનદાસ્ત ફરું

ડુંગરો વાડીઓમાં જઈને ભમું
સીમનાં સસલાં સંગે જઈને રમું

આભમાં વીજ થઈને ઝબકું ને
વાદળો જેમ હું ગરજું, વરસું

શ્રાવણી મેઘનાં વાદળ ગાજે
મોરલા જેમ હું નાચી ઊઠું

કોયલો જેમ વસંતે ટહુકું
સીમમાં સેંકડો ટૌકા વેરું

માથે લૂ ઝરતો હોય સૂરજ ને
છાંવમાં લીમડાની જઈ બેસું

પાંખડીમાં સમાવી ઝાકળને
પુષ્પની જેમ પ્રભાતે ઊઘડું

હુંયે બે પાંખ ઉગાડી લઉં ને
પંખીની જેમ આભમાં ઊડું

ચકલાં પોપટની સાથે હું યે તને
ચીંચીં ચકચક કરીને યાદ કરું

હું યે કા કા કરી ઊઠું ક્યારેક
આંખ મીંચીને હું યે ઘૂ ઘૂ કરું

કૂકડા જેમ મળસકે જાગી
જોરથી હું ય બાંગ પોકારું

ધૂળથી માથું ભરી લઉં જઇને
શ્વાસમાં માટીની સુગંધ ભરું

સીમ સીમાડે રખડી રઝળીને
ગોધૂલી વેળા પાછો ઘેર ફરું

ઊતરે રાતનાં અંધારાં ને
સીમને સોડમાં લઇને પોઢું

આજ તો થાય છે મનમાં એવું
જઇને કુદરતના હું ખોળે બેસું

## તો શું કહેશે લોક!

પ્રીત જોડીને જો તોડીશ તો શું કહેશે લોક
પ્રેમનું નામ તું બોળીશ તો શું કહેશે લોક

હાથમાં હાથ પરોવીને સફર માંડી'તી
સાથ મારો હવે છોડીશ તો શું કહેશે લોક

હૂંફમાં બેઘડી જેની તને મળતો આરામ
એજ પાલવને તું રોળીશ તો શું કહેશે લોક

જેમાં તું જોતો હતો મેઘધનુષી રંગો
એજ આંખોને તું ફોડીશ તો શું કહેશે લોક

સાથે જીવવા અને મરવાનું વચન દીધું'તું
આમ તન્હા મને છોડીશ તો શું કહેશે લોક

કાનમાં ગુંજે છે 'આઇ લવ યુ'ના મીઠા ટૌકા
વેણ કડવાં હવે બોલીશ તો શું કહેશે લોક

કોડિયું ટમટમીને અન્તે બૂઝાઇ જાશે
તું પછી રોશની શોધીશ તો શું કહેશે લોક

આ ઉદાસી, આ હતાશા, તલાકનો આઘાત
ઝેર અન્તે હું જો ઘોળીશ તો શું કહેશે લોક

ને પછી વ્યાપી જશે ખાલી ઘરમાં સન્નાટો
ને પછી તું મને ખોળીશ તો શું કહેશે લોક

## ખાલીપો ખખડે છે!

ભીતરે રાતદિ ખાલીપો હવે ખખડે છે
મન કશું પણ નહીં સમજાય એવું બબડે છે

દેહ મારા હવે જઇ જઇને કહે કયાં જઇશું
સાથ ગેડીનો છતાં પણ આ પગ તો લથડે છે

ના ભરોસો છે હવે નાવનો કે નાવિકનો
લોક તેથી જ તો તરણાને હવે પકડે છે

કૂતરાં જેવી દશા થઇ ગઇ છે માણસની
લાશ રસ્તામાં પડી છે ને હવે સબડે છે

કોઇ પડશો નહીં વચમાં, વળાવશો ય નહીં
આજ તો પોતાની સાથે જ 'મહેક' ઝઘડે છે

## ક્યાં છે સમય હવે?

મિત્રોને જઈને મળવાનો ક્યાં છે સમય હવે
બે વાત દિલની કરવાનો ક્યાં છે સમય હવે

મળતો નથી તને ની શિકાયત તું કર નહીં
ખુદ જાતને ય મળવાનો ક્યાં છે સમય હવે

માબાપ છોને કણસે બુઢાપાને બિસ્તરે
પાણીની ગ્લાસ ધરવાનો ક્યાં છે સમય હવે

ઘાણીના બળદ જેમ કુંડાળામાં ઘૂમીએ
આઝાદ થઈ વિહરવાનો ક્યાં છે સમય હવે

ને આમ તો કૂવો ય નથી દૂર તે છતાં
ખાલી ઘડાને ભરવાનો ક્યાં છે સમય હવે

ખદબદ દિવસ ને રાત ઉકળતા ચરુની જેમ
એક બે ઘડીય ઠરવાનો ક્યાં છે સમય હવે

માનવતા આખ્ખી આજ તો થઈ ગૈ છે લોહીલુહાણ
મરહમ જખમમાં ભરવાનો ક્યાં છે સમય હવે

નિશ્ચિત છે મોત એ તો બધા જાણે છે ‘મહેક’
પણ મોતથી યે ડરવાનો ક્યાં છે સમય હવે

## કશુંક ખૂટે છે!

કોઈને પણ ન બાકી મૂકે છે
તીર નજરોનાં જ્યારે છૂટે છે

મુખ ઉપરથી હટાવીને પરદો
ધોળે દ્હાડે બધાને લૂંટે છે

પૂછ ના તું મને એનું કારણ
એ તો કારણ વિના જ રૂઠે છે

ભલભલા એમાં કેદ થઈ જાયે
જુલ્ફ કંઈ એ રીતે એ ગૂંથે છે

દિલને તોડીને ગુનહગાર ન બન
દિલ જો તૂટે તો કા'બા તૂટે છે

શૂન્યનું મૂલ્ય કયાં એ જાણે છે
કયારનો એકડો જ ઘૂંટે છે

વૈભવો વચ્ચે વલવલે છે એ
પૂછ સાહેબને શું ખૂંટે છે

હા, બને છે 'મહેક' એવું અકસર
એકને વાંકે હોડી ડૂબે છે

## ભલા માણસ!

સમય તો રેલો છે, વ્હી જાય છે ભલા માણસ
જમાનો હર ઘડી બદલાય છે ભલા માણસ

આ કેવી આંધળી મૂકી છે દોડ સોચ જરા
જવાનું ક્યાં છે, તું ક્યાં જાય છે ભલા માણસ

જ્યાં તું જ તારો નથી, ત્યાં બીજાની વાત જ શી
શું કામ આમ દુ:ખી થાય છે ભલા માણસ

હજાર ટૂકડાઓ દિલના કરીને બેઠો છે
નકામો તું હવે પસ્તાય છે ભલા માણસ

ન છોડ આંગળી, મેળામાં તું ભલે મહાલે
એ ભીડમાં ઘણાં ખોવાય છે ભલા માણસ

ભરે તો પૂરો ભરી લે કૂવેથી તું એને
ઘડો અધૂરો તો છલકાય છે ભલા માણસ

ન એમાં વાંક છે તારો, ન દોષ બીજાનો
જે હો નસીબમાં, તે થાય છે ભલા માણસ

'મહેક' આપણી તો શી વિસાત એ રસ્તે
જ્યાં ભોમિયા ય ભટકી જાય છે ભલા માણસ

# ગણતરી ના કર

તસ્બી માળાની ગણતરી ના કર
શ્વાસે શ્વાસે તું નામ એનું ભર

તું ભલે ના ડરે આ દુનિયાથી
એક ફકત એનાથી જરા તો ડર

રાતની ઊંઘ જો હરામ છે તો
ધોળે દહાડે સપનમાં એના સર

એ જ ડૂબતાં બચાવશે તુજને
જઈને એના તરાપે દરિયો તર

છોડ દુનિયાને કાજ મરવાનું
હોય મરવું તો પ્રેમ ખાતર મર

જો પવન કેવો વાય છે ફરફર
તુંય મન મૂકીને 'મહેક' વિસ્તર

## હિસાબો ગણે છે!

કોણ જાણે એ કેવું ભણે છે
જન્મથી બસ હિસાબો ગણે છે

કેદ પોતે જ થઈ જાય એમાં
તોય માણસ દીવાલો ચણે છે

એ ભલે નામ મારું ન લે છે
મારી ગઝલોને તો ગણગણે છે

ખુદને શું કામ તું છેતરે છે
તું નથી, ચહેરો જે દર્પણે છે

હોય હિંમત તો આગળ ભરો ડગ
હ્યાં નથી, એમનું ઘર પણે છે

ઘરમાં ચકલું યે ફરકે હવે ના
એકલો ઘરમાં એ બણબણે છે

એટલે તો હજી ઠોઠ છે એ
પ્રેમના પાઠ એ કયાં ભણે છે

એમ ભૂલી જવું કયાં છે સહેલું
જખ્મ જૂના હજી એ ખણે છે

એ જ અંતે મહેક ફાવશે જે-
નેકીઓ બેઉ હાથે લણે છે

## મોતને યાદ કર!

હા, બધું ભૂલી જા, મોતને યાદ કર
યાદમાં ડૂબી જા, મોતને યાદ કર

જીભ પર હોય બસ અલ્લાહૂ અલ્લાહૂ
મોતને જીતી જા, મોતને યાદ કર

છોડ કરવાનું શિકવા-શિકાયત હવે
માફ કર, ભૂલી જા, મોતને યાદ કર

આવશે કામ તો નેકીઓ આવશે
નેકીઓ લૂંટી જા, મોતને યાદ કર

કેદખાનું છે દુનિયા, બીજું કંઇ નથી
કેદથી છૂટી જા, મોતને યાદ કર

જિંદગી દોસ્ત પાણીનો છે બુદબુદો
એ ન તું ભૂલી જા, મોતને યાદ કર

જ્યાંથી આવ્યો ત્યાં પાછો વળી જા હવે
નિજ ઘરે પ્હોંચી જા, મોતને યાદ કર

આમ તો ના થશે દોડ પૂરી કદી
બસ હવે બેસી જા, મોતને યાદ કર

દિલ મહીં આરઝૂ યારની લઇ મહેક
મોતને ભેટી જા, મોતને યાદ કર

## દુઆ લઈ લે

રોગની એ જ છે દવા, લઈ લે
કોઈના દિલની તું દુઆ લઈ લે

સાહ્યબી દે ફકીરના જેવી
માલ લઈ લે, બધી મતા લઈ લે

બસ હવે તો સુકૂને દિલ દઈ દે
આ તથા લઈ લે, આ તમા લઈ લે

હા, પછી નહીં મળે આ હરિયાળી
બે ઘડી બેસ, આ હવા લઈ લે

એથી બહેતર જગા ન મળશે તને
કોઈના દિલમાં જા, જગા લઈ લે

ચાખવી પડશે મોતની યે મજા
જિન્દગીની ભલે મજા લઈ લે

એજ છે આપણું હથિયાર મહેક
હાથમાં પ્રેમની શમા લઈ લે

## તો બસ!

છે બ્હાર તેને બ્હાર હું રાખી શકું તો બસ
અંદર છે તેને બ્હાર હું કાઢી શકું તો બસ

દીવાઓ સેંકડો પછી એમાંથી પ્રગટશે
હું એક પ્રેમ દીપ જલાવી શકું તો બસ

ભેદોને તારા પામી શકું મારી શી વિસાત
હું ભેદ મુજ હયાતીનો પામી શકું તો બસ

સઘળા યે બંધ તોડવા એ તો મથી રહ્યું
આ પૂર લાગણીઓનું ખાળી શકું તો બસ

બીજું બધું તો કયારનો ભૂલી ગયો છું હું
ખુદને ય જો હવે હું ભૂલાવી શકું તો બસ

મૃત્યુ પછી તો ઊંચકી જશે લોક જનાજો
જીવતાં હું લાશ મારી ઊઠાવી શકું તો બસ

દુનિયા બધી પછી તો 'મહેક' ઝુકતી આવશે
મસ્તક હું એની સામે ઝુકાવી શકું તો બસ

## અગડમ્ બગડમ્

પઘડી ટોપી અગડમ્ બગડમ્
માળા તસબી અગડમ્ બગડમ્

ટીલાં ટપકાં ઝોળી ઝભ્ભા
ઓળખ ખોટી અગડમ્ બગડમ્

જાત પિછાણે તો હું જાણું
પૂજા પોથી અગડમ્ બગડમ્

અલ્લાહૂની રઢ લાગે તો
દુનિયાદારી અગડમ્ બગડમ્

નરસિંહના જેવી ધૂન કયાં છે
ભજનિક મંડળી અગડમ્ બગડમ્

મીરાં કૃષ્ણ દીવાની સાચી
આજની ગોપી અગડમ્ બગડમ્

મન્સૂરી અહાલેક હવે કયાં
છે દુરવેશી અગડમ્ બગડમ્

રૂમીની સાથે નાચી લે
રિવાજ રૂઢિ અગડમ્ બગડમ્

મૂકો એનો મોહ મહેકજી
રિદ્ધિ સિદ્ધિ અગડમ્ બગડમ્

## દુઆ લઈ લે

રોગની એ જ છે દવા, લઈ લે
કોઈના દિલની તું દુઆ લઈ લે

સાહ્યબી દે ફકીરના જેવી
માલ લઈ લે, બધી મતા લઈ લે

બસ હવે તો સુકૂને દિલ દઈ દે
આ તથા લઈ લે, આ તમા લઈ લે

હા, પછી નહીં મળે આ હરિયાળી
બે ઘડી બેસ, આ હવા લઈ લે

એથી બહેતર જગા ન મળશે તને
કોઈના દિલમાં જા, જગા લઈ લે

ચાખવી પડશે મોતની યે મજા
જિન્દગીની ભલે મજા લઈ લે

એજ છે આપણું હથિયાર મહેક
હાથમાં પ્રેમની શમા લઈ લે

## એવું તે શું પીધું છે?

હાથમાં એના ફૂલ દીધું છે
એક હિંમતનું કામ કીધું છે

રૂંવેરૂવાંએ નાચ માંડયો છે
કાનમાં એવું તેં શું કીધું છે

દૂર વાદળ થયાં ઉદાસીનાં
મન મૂકી આજ વરસી લીધું છે

બસ હવે બીજું કંઈ ન માંગ સનમ
દિલ હતું પાસે, આપી દીધું છે

નાચવું હોય તો નથી બહાનું
આપણું આંગણું તો સીધું છે

કેમ પગ લડખડી રહ્યા છે મહેક
આજ તેં એવું તે શું પીધું છે



બોલ્ટન મુશાયરામાં તરન્નુમથી ગઝલ રજૂ કરતા મહેક ટંકારવી


મહેમાન કવિ ખલીલ ધનતેજવી અને કલાપી એવૉર્ડ વિજેતા અદમ
ટંકારવી સાથે મુશાયરામાં ગઝલ રજૂ કરતા મરહૂમ આદિલ મન્સૂરી


મુશાયરાની મોજ માણી રહેલા ગઝલરસિક શ્રોતાઓ



**નામ**
યાકૂબ મેન્ક

**ઉપનામ**
'મહેક' ટંકારવી

**જન્મ**
નવેમ્બર ૧૯૪૦

**જન્મસ્થળ**
ટંકારીઆ, તા.જિ. ભરૂચ, ગુજરાત

**બ્રિટનનિવાસ**
૧૯૬૬

**અભ્યાસ**
બી.એ. (ઓનર્સ)
સેન્ટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ
એમ.એ. (અંગ્રેજી ભાષા-સાહિત્ય)
એમ.ટી.બી. કોલેજ, સુરત

**ગઝલસંગ્રહો**
પ્યાસ - ૧૯૭૨
તલાશ - ૧૯૮૦
પ્યાસથી પરબ સુધી - ૨૦૦૬
પ્રેમરસ પ્યાલો - ૨૦૧૩
તૃપ્તિ (હવે પછી)

**સમ્પાદન**
સબરસ
ઉપવન

મહેક સાહેબ! પાછલા એક સપ્તાહથી સતત આપના ગઝલ દીવાનમાં ડૂબેલો રહ્યો. માશાઅલ્લાહ! આપના મહેક સાહેબ! પાછલા એક સપ્તાહથી સતત આપના ગઝલ દીવાનમાં ડૂબેલો રહ્યો. માશાઅલ્લાહ! દિલોદિમાગ ઉપર સંપૂર્ણપણે સૂફીવાદ છવાયેલો જોવા મળ્યો છે. અને એટલે જ અનેક શાયરોનાં સર્જન-ચિંતનની હદ જ્યાં પૂરી થઇ જાય છે ત્યાંથી આપની શરૂઆત થયેલ જોઉં છું.

**આજ આ પાર તરી જાશું ગમે તેમ કરી**
**ખેર માંગો તો 'મહેક' પેલે પારની માંગો**

ભરૂચ-પાલનપુરથી લઇ યુ.કે. સુધી આપને મેં જ્યારે પણ ગઝલ સરા થતા જોયા-સાંભળ્યા છે ત્યારે મારાં રૂવાડાં અચૂક ઊભાં થઇ ગયાં છે. મુંબઇના મુશાયરાઓમાં (મર્હૂમ) બરકત વીરાણી 'બેફામ' સાહેબને તરન્નુમથી સાંભળતાં આમ જ થતું. આપના દિલડોલ-દિલકશ તરન્નુમને અલ્લાહ હંમેશ શાદાબ રાખો.

*□ મુસાફિર પાલનપુરી*

વહાલા ભાઇ મહેકભાઇ
આપની મહેક ટંકારીઆથી કાંગવાઇ સુધી 'પ્રેમરસ પ્યાલો' થકી આવી. ગઝલોને આનંદથી માણી. ઘણી સુંદર પ્રાણવાન અને ઊંડાણવાળી, તસવ્વુફના રંગે રંગાયેલી ગઝલો વારંવાર વાંચવા ગમે એવી છે.

*□ મસ્ત મંગેરા, કાંગવાઇ*

"બેશક 'મહેક' ટંકારવી ગુજરાતી સાહિત્યના એક ઉત્તમ ગઝલકાર છે. તેમની ગઝલોમાં ગઝલપણું હોવાની પ્રતીતિ સાદ્યંત થયા કરે છે. સૂફી તત્વ એમની ગઝલોનું પ્રધાન લક્ષ્ય છે. એમની ભાગ્યે જ કોઇ ગઝલ એવી હશે જેમાં સૂફી તત્વ આવ્યું ન હોય! ...તૃષ્ણાથી તલાશ અને તૃપ્તિ તરફ...એ 'મહેક'ની સમગ્ર ગઝલપ્રવૃત્તિના નિચોડરૂપ છે. અધ્યાત્મમાર્ગના સૂફી સંતો-કવિઓ ઇમામ ગઝાલી, શેખ સઅદી અને મવલાના રૂમીનો એમણે ગહન અભ્યાસ કર્યો છે એ પૈકી મવલાના રૂમીને એમણે પોતાના પ્રેરક અને આદર્શ તરીકે સ્થાપ્યા હોય એવું લાગે છે. 'મહેક' ભાષા સાહિત્યમાં અનુસ્નાતકની ઉપાધિ ધરાવે છે, અધ્યયન ક્ષેત્રનો પણ એમને અનુભવ છે. ગઝલના છંદશાસ્ત્રનો પણ એમને સારો અભ્યાસ છે આથી એમની ગઝલોમાં ગઝલના બંધારણ બાબતે ચીવટાઇ, ચોકસાઇ અને સફાઇ આવી છે. એમની ગઝલોમાં અલંકારિકતા ભલે ઓછી દેખાય પણ એમાં સાદગીનું સૌંદર્ય ભરપૂર છે. તીવ્ર પ્યાસમાંથી આ ગઝલો નીપજી છે, એટલે એમાં સજ્જા નહીં, પણ સહજતા આવી છે. હૃદયને સ્પર્શે એવી અસરકારકતા અને માર્મિકતા એમાં છે. મુશાયરાઓમાં 'મહેક'ના કંઠે તરન્નુમમાં આ ગઝલો રજૂ થતી હોય ત્યારે શ્રોતાઓમાં ભક્તિભાવનું એક અનેરૂં વાતાવરણ સર્જી શકવા એ શક્તિમાન છે.

*□ પ્રો. ડો. હસન એ લુણત 'વિતાન'*